DIVYA BHASKAR

Dt: 17-06-2017

Divya-Bhaskar

**રાજકોટ**

## ટી.સી. ઉત્પાદન કરતી પેઢી પર દરોડો

# ટી.સી.માં નકલી ISI માર્ક લગાડવાનું કૌભાંડ ઝડપાયું

### નકલી માર્ક બદલ એક વર્ષની જેલ થઇ શકે છે

ડિસ્ટ્રિક્ટ રિપોર્ટર | રાજકોટ

ભારતીય માનક બ્યૂરો (બીઆઇએસ)ની ટીમે રાજકોટમાં બોગસ આઇએસઆઇ માર્ક લગાવી વિદ્યુત ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન અને વેચાણ થતું હોવાની માહિતી મળતા દરોડા પાડ્યા હતા. દરોડામાં ટીમને આઇએસઆઇ માર્કનો દૂર ઉપયોગ થતો હોવાનું બહાર આવતા આઇએસઆઇના ચિહ્ન જપ્ત કરવામાં આવી હતી. ઉત્પાદક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં નકલી માર્ક લગાવનારને એક વર્ષની જેલની સજા, 50 હજારનો દંડ થઇ શકે છે.

રાજકોટમાં એક નવતર પ્રકારનું કૌભાંડ બહાર આવ્યું છે. વીજટ્રાન્સફોર્મર પર આઇએસઆઇ માર્ક ફરજિયાત છે પરંતુ કેટલીક પેઢી દ્વારા નકલી આઇએસઆઇ માર્ક લગાવવામાં આવે છે. ભારતીય માનક બ્યૂરો રાજકોટ કચેરી દ્વારા પાવર એન્ડ ડિસ્ટ્રિબ્યૂશન ગોલ્ડન ઇન્ડસ્ટ્રિયલ એરિયા પ્લોટ નં.86, રોલેક્સ સર્કલ પાસે, 8 બી નેશનલ હાઇવે, ગોંડલ રોડ, કોઠારિયા ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસમાં વિદ્યુત ટ્રાન્સફોમર (ટી.સી.)ના ઉત્પાદનમાં નકલી આઇએસઆઇ માર્ક લગાડેલા ચિહ્નો પટ્ટીઓ મળી આવતા જપ્ત કરવામાં આવ્યા છે. ટ્રાન્સફોર્મર ક્વોલિટી કન્ટ્રોલ આદેશ એસઓ 1221 ઇ મુજબ વીજળીનું ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન આઇ.એસ. આઇ.ના માર્કના પરવાના વિના કરી શકાય નહીં. આમ છતા નકલી માર્ક લગાવી ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન કરી ટ્રાન્સફોર્મર ક્વોલિટી કન્ટ્રોલ એક્ટ તથા બી.આઇ.એસ. કાયદો 1986ની કલમ 12નો ભંગ કર્યો છે. આ કાયદાનો ભંગ કરનારને એક વર્ષની સજા, 50 હજાર સુધીનો દંડ અથવા બન્નેની સજા થઇ શકે છે. ISI માર્કનો દૂર ઉપયોગ કરતા હોવાની માહિતી બીઆઇએસ ઓફિસ, કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલની સામે પેટ્રોલપંપની પાસે આપવા એસ. કે. સિંઘે અનુરોધ કર્યો છે.